**તા.૦૨/૧૨/૨૦૨૫**

## લોકરક્ષક કેડર હંગામી પરીણામ (Provisional Result)

જાહેરાત ક્રમાંકઃ GPRB/202324/1 અન્વયે લોકરક્ષક કેડરની દસ્તાવેજ ચકાસણી કામગીરી તા.૧૫/૦૯/૨૦૨૫ થી તા.૩૦/૦૯/૨૦૨૫ દરમ્યાન હાથ ધરવામાં આવેલ.

૨/- જાતિ અંગેના પ્રમાણપત્રમાં SEBC ઉમેદવારોના કિસ્સામાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને ST ઉમેદવારોના કિસ્સામાં આદિજાતિ વિકાસ વિભાગ ધ્વારા વેરીફીકેશન કામગીરીની પ્રક્રિયા હાલ ચાલુ છે.

૩/- અમુક ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી પૂર્ણ થયેલ છે બાકીના ઉમેદવારોની ચકાસણીની કામગીરી હાલ ચાલુ છે. જેથી બાકી રહેલ ઉમેદવારોના સંબંધિત વિભાગ ધ્વારા આ પ્રમાણપત્ર માન્ય કે અમાન્ય ગણવા નિર્ણય કરવામાં આવ્યેથી તેઓને તે કેટેગરીનો લાભ મળવાપાત્ર છે કે કેમ? તેના આધારે આખરી પસંદગી યાદી બહાર પાડવામાં આવશે જે તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

૪/- પરંતુ ઉમેદવારોના સર્વાંગી હિત માટે આ તબકકે યોગ્ય વિકલ્પ વિચારી શકે માત્ર તે હેતુથી જ ભરતી બોર્ડ ધ્વારા કામચલાઉ અને હંગામી Repeat કામચલાઉ અને હંગામી પસંદગી યાદી (Provisional Result) બહાર પાડવા નિર્ણય લીધેલ છે. આ યાદીના આધારે પસંદગી માટેનો કોઇ હક દાવો રહેશે નહીં.

(A) કામચલાઉ અને હંગામી યાદીમાં સમાવેશ થયેલ ઉમેદવારોની માહિતી જોવા માટે અહીં કલીક કરો...............

(B) કામચલાઉ અને હંગામી યાદીમાં સમાવેશ થયેલ ન હોય તેવા ઉમેદવારોની માહિતી જોવા માટે અહીં કલીક કરો...............

૫/- **ભરતી પ્રક્રિયામાંથી પોતાની ઉમેદવારી પરત ખેંચવા બાબત.**
**(Withdraw Candidature / OPT Out)**

(A) લોકરક્ષક કેડરની કામચલાઉ અને હંગામી યાદીમાં સમાવેશ થયેલ ઉમેદવારો તથા કામચલાઉ અને હંગામી યાદીમાં સમાવેશ ન હોય તેવા ઉમેદવારો અન્ય કોઇ ભરતીમાં પસંદગી પામેલ હોય અથવા અન્ય કોઇ કારણોસર લોકરક્ષક કેડરની ભરતીમાં ભાગ લેવા માંગતા ન હોય તો ઉમેદવાર પોતાની ઉમેદવારી પરત ખેંચી પોતાની ઉમેદવારીનો હક જતો કરી શકે છે.

(B) પોતાની ઉમેદવારી પરત ખેંચવા માટે ઉમેદવારે https://ojas.gujarat.gov.in માં Other Application માં જઇ Withdraw Candidature ઉપર કલીક કરી, Download Self Declaration Form કલીક કરીને ફોર્મ ડાઉનલોડ કરી ઉમેદવારે તમામ વિગતો વાંચી જણાવેલ

જગ્યાઓમાં વિગતો ભરી તેના પર સહી અવશ્ય કરી, આ ફોર્મને PDF ફોર્મેટમાં Choose File ઉપર કલીક કરીને Self Declaration PDF અપલોડ કરવુ. (Ok બટન પર ક્લિક કરતાં પહેલા સહી કરેલ SELF DECLARATION FORM પીડીએફ ફોર્મેટમાં અપલોડ કરવા માટે તૈયાર રાખવુ.)

(C) PDF અપલોડ કર્યા બાદ ઉમેદવારના રજિસ્ટર્ડ મોબાઇલ નંબર પર મોકલી આપવામાં આવેલ OTP નાખી અગળની કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે.

(D) ઉમેદવારો તા.૦૮/૧૨/૨૦૨૫ના રાત્રી કલાકઃ ૨૩.૫૯ સુધી પોતાની ઉમેદવારી પરત ખેંચી શકશે.

(E) Self Declaration Formમાં વિગતો અધુરી ભરેલ હોય કે સહી કરેલ નહીં હોય તો માન્ય રહેશે નહીં.

૬/ આ કામચલાઉ યાદીમાં કટઓફ નીચે મુજબ છે.

(1) બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (UPC)

| Category | MALE | FEMALE | Ex-serviceman |
|---|---|---|---|
| GENERAL | 132.75 | 114.00 | 106.20 |
| EWS | 125.75 | 98.25 | 100.60 |
| SC | 121.75 | 102.75 | - |
| SEBC | 127.75 | 127.75 | 102.20 |
| ST | 101.50 | 101.50 | - |

(2) હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (APC)

| Category | MALE | FEMALE | Ex-serviceman |
|---|---|---|---|
| GENERAL | 125.00 | 101.25 | 100.00 |
| EWS | 122.00 | 83.25 | 97.60 |
| SC | 118.00 | 96.75 | - |
| SEBC | 123.25 | 98.25 | 98.60 |
| ST | 91.00 | - | - |

(3) જેલ સિપોઇ પુરૂષ (Jail Sepoy) /જેલ સિપોઇ મહિલા (Jail Matron)

| Category | MALE | FEMALE | Ex-serviceman |
|---|---|---|---|
| GENERAL | 122.00 | 98.25 | 97.60 |
| EWS | 119.00 | 80.50 | 95.20 |
| SC | 116.00 | 96.25 | - |
| SEBC | 121.50 | 98.00 | 97.20 |
| ST | 81.00 | - | - |

(4) હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (SRPF)

| Category | MALE | Exserviceman |
|---|---|---|
| GENERAL | 121.00 | 88.50 |
| EWS | 118.50 | - |
| SC | 115.50 | - |
| SEBC | 120.25 | 82.25 |
| ST | 80.50 | - |

૭/ આ કામચલાઉ અને હંગામી યાદીના **Selection Cadre** ના કોલમમાં (Abbreviation) **(1) UPC** = બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (UNARMED POLICE CONSTABLE) **(2) APC** = હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (ARMED POLICE CONSTABLE) **(3) JAIL SEPOY** = જેલ સિપોઇ પુરૂષ /જેલ સિપોઇ મહિલા (Jail Matron) ((JAIL SEPOY-MAIL / JAIL MATRON-FEMALE) **(4) SRPF**= હથિયારી પોલીસ કોન્સ્ટેબલ એસ.આર.પી.એફ. (STATE RESERVE POLICE FORCE) દર્શાવવામાં આવેલ છે. જે ધ્યાને લેવુ.

૮/ આ કામચલાઉ અને હંગામી યાદી તૈયાર કરવામાં **લોકરક્ષક કેડરની જે-તે સંવર્ગની ખાલી જગ્યાઓ ધ્યાને લઇ મેરીટ મુજબ પસંદગી યાદી તૈયાર** કરતી સમયે બે કે તેથી વધારે ઉમેદવારોના સમાન ગુણ હોય ત્યારે નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(એ) તેવા કિસ્સામાં ઉમેદવારોની જન્મ તારીખ ધ્યાને લેવામાં આવેલ છે, જન્મ તારીખ પ્રમાણે વધુ ઉંમરવાળા ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવેલ છે.

(બી) જો ગુણ અને જન્મ તારીખ બંન્ને સમાન હોય ત્યારે ઉમેદવારોની ઉંચાઇ ધ્યાને લેવામાં આવેલ છે, જે ઉમેદવારની ઉંચાઇ વધુ છે તે ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવેલ છે.

(સી) જો ગુણ, જન્મ તારીખ અને ઉંચાઇ સમાન હોય ત્યારે ઉમેદવારોના હાયર સેકન્ડરી પરીક્ષા અથવા ગુજરાત સરકારશ્રી ધ્વારા માન્ય ધોરણ-૧૨ સમકક્ષ પરીક્ષામાં મેળવેલ ગુણની ટકાવારી ધ્યાને લેવામાં આવેલ છે, જે ઉમેદવારની ટકાવારી વધુ હશે તે ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવેલ છે.

૯/ ભરતી પ્રક્રિયા દરમ્યાન કોઇપણ ઉમેદવાર ગેરલાયક હોવા છતાં તેમને યાંત્રિક, કલેરીકલ અથવા બીજી કોઇપણ ભૂલના લીધે લાયક ગણવામાં આવેલ હશે અગર પસંદ કરવામાં આવેલ હશે, તો કોઈપણ તબક્કે તે રદ થવાપાત્ર રહેશે. જે તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

૧૦/ સરકારશ્રી / નામદાર કોર્ટ તરફથી વખતો વખત જે ચૂકાદો/ નિર્ણય આવશે તે તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

૧૧/ (A) લોકરક્ષક કેડર હંગામી પરીણામ (Provisional Result)માં અનુસુચિત જન જાતિ (ST)ના મહિલા ઉમેદવારોની ખાલી રહેલ જગ્યાઓ પૈકી કુલ-૨૧૬ અનુસુચિત જન જાતિ (ST)ના પુરૂષ ઉમેદવારો પૈકી બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (UPC) સંવર્ગમાં-૫૨ તથા હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (APC) સંવર્ગમાં-૧૬૪ સમાવેશ કરવામાં આવેલ છે.

(B) વધુમાં અનુસુચિત જન જાતિ (ST)ના પુરૂષ ઉમેદવારોની જેલ સિપોઇમાં કુલ-૬૧ (જેલ સિપોઇ (Jail Sepoy) સંવર્ગમાં ૩૪ અને હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (SRPF) સંવર્ગમાં ૨૭) તથા મહિલા ઉમેદવારોની જેલ મેટ્રનમાં કુલ-૧૨ અને આર્થિક રીતે નબળા વર્ગ (EWS) મહિલા ઉમેદવારોની જેલ મેટ્રનમાં કુલ-૨ મળી કુલ-૭૫ જગ્યાઓ ખાલી રહેવા પામે છે.

૧૨/ આ કામચલાઉ અને હંગામી યાદી અંગે કોઇ રજુઆત હોય તો ઉમેદવાર તા. ૦૭.૧૨.૨૦૨૫ ના સાંજના કલાકઃ ૧૭.૩૦ વાગ્યા સુધીમાં ભરતી બોર્ડની કચેરી, બંગલા નં.ગ-૧૨, સરિતા ઉદ્યાન નજીક, સેકટર-૦૯, ગાંધીનગર-૩૮૨૦૦૭ મુકામે જરૂરી આધાર પુરાવા સહિત રૂબરૂ આવી અરજી કરી શકશે. અન્ય કોઇપણ રીતે કરવામાં આવેલ અરજી અને તારીખ/સમય વિતી ગયા બાદ મળેલ અરજી ધ્યાને લેવામાં આવશે નહીં.